* A A R - 0 1 1 - 0 0 2 2 0 4 *

**AAR-011-002204** Seat No. ________

# B. P. A. (Sem. II) (Kathak) (CBCS) Examination

**April / May - 2016**

## History of Kathak Dance : Paper - II

*(Core)*

**Faculty Code : 011**
**Subject Code : 002204**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

૧ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તરવહીમાં જ જવાબ લખો. (૨૦)

(૧) તાર દ્વારા સ્વર ઉત્પન્ન થતાં હોય તે વાદ્યોનો સમાવેશ કયાં પ્રકારમાં થાય છે ?
(એ) તત્–વિતત્ વાદ્ય (બી) સુષિર વાદ્ય
(સી) ઘન વાદ્ય (ડી) અવનધ્ધ વાદ્ય

(૨) પ્રાચીન ગ્રંથોમાં વિદ્યાર્થીઓ માટે કેટલા અનિવાર્ય લક્ષણોની ચર્ચા કરવામાં આવી છે ?
(એ) ત્રણ (બી) પાંચ
(સી) દસ (ડી) પંદર

(૩) મધ્યમ સ્વરની ઉત્પત્તિ કયા પ્રાણી / પક્ષીનાં અવાજ પરથી થઈ છે ?
(એ) હાથી (બી) મોર
(સી) કાગડા (ડી) બકરી

(૪) હાથને ખભાથી નીચેની તરફ લઈ વર્તુળાકારે ફેરવી ઉત્પત્તિ સ્થિતિમાં આવવાની ક્રિયાને શું કહે છે ?
(એ) મધ્ય હસ્ત ચક્ર (બી) મધ્ય ચક્ર હસ્ત
(સી) તલ હસ્ત ચક્ર (ડી) તલ ચક્ર હસ્ત

(૫) નર્તકમાં કયો ગુણ હોવો જોઈએ ?
(એ) લજ્જાશીલ (બી) તન્વી
(સી) સભાને પ્રભાવિત કરનાર (ડી) પરંપરાનાં જાણકાર

(૬) કયા શાસ્ત્રીય નૃત્યને નટવરી નૃત્ય તરીકે પણ ઓળખવામાં આવે છે ?
(એ) કથક (બી) કથકલી
(સી) મણિપુરી (ડી) ઓડિસી

(૭) તબલાની ઉત્પત્તિ કયા વાદ્યામાંથી થઈ હોવાનું મનાય છે ?

(એ) પખાવજ (બી) મૃદંગ

(સી) ઢોલ (ડી) ત્રિપુષ્ક વાદ્ય

(૮) પ્રાચીન સમયમાં દેવદાસીઓના કેટલા પ્રકારો હતાં ?

(એ) રાજદાસી (બી) દેવદાસી

(સી) અલંકાર દાસી (ડી) આપેલ તમામ

(૯) પ્રાચીન સમયમાં ઓરીસ્સાની નૃત્યાંગનાઓ કયાં નામથી ઓળખાતી હતી ?

(એ) મહારી (બી) દેવદાસી

(સી) રાજદાસી (ડી) અલંકાર દાસી

(૧૦) રામાયણનું કયું પાત્ર નૃત્ય સંગીતમાં વિશેષ નિપુણતા ધરાવે છે ?

(એ) હનુમાન (બી) વિભિષણ

(સી) રાવણ (ડી) ભરત

(૧૧) ભરતનાટ્યમ નૃત્યમાં અલ્લારિપુ પછી કઈ કૃતિ રજૂ કરવામાં આવે છે ?

(એ) જતિસ્વરમ્ (બી) શબ્દમ

(સી) તિલ્લાના (ડી) શ્લોકમ્

(૧૨) નટવરી બોલ અંતર્ગત કયા બોલોનો સમાવેશ થાય છે ?

(એ) ધાગેતિટ તાગેતિટ (બી) તિગદા દિગદિગ

(સી) થેરીથેરી કિનથેરી (ડી) કિટતક થુનથુન

(૧૩) ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓ દ્વારા કયા સમયે બસંત રાસ રચવામાં આવે છે ?

(એ) શરદ પૂર્ણિમા (બી) કાર્તિકી પૂર્ણિમા

(સી) ફાગણ પૂર્ણિમા (ડી) ચૈત્રી પૂર્ણિમા

(૧૪) દક્ષિણ હિન્દુસ્તાની સંગીત પધ્ધતિ અન્ય કયા નામથી પ્રચલિત છે ?

(એ) હિન્દુસ્તાની સંગીત પધ્ધતિ (બી) ભારતીય સંગીત પધ્ધતિ

(સી) કર્ણાટકી સંગીત પધ્ધતિ (ડી) આપેલમાંથી કોઈ નહિ

(૧૫) કથક નૃત્યમાં સૌ પ્રથમ કઈ નૃત્ત બંદિશોની રચના થઈ હોવાનું મનાય છે ?

(એ) મુખડા અથવા ટુકડા (બી) તિહાઈ

(સી) પરન (ડી) તોડા

(૧૬) સંગીતની ઉત્પત્તિ બ્રહ્માજી દ્વારા થઈ હોવાનો મત કયાં વિદ્વાને રજૂ કર્યો છે ?

(એ) પં. શારંગદેવ (બી) પં. ભરતમુનિ

(સી) પં. દામોદર (ડી) પં. નંદિકેશ્વર

(૧૭) ગાંધર્વના ગાયન અને અપ્સરાનાં નૃત્યથી કયા દેવનો દરબાર હંમેશા ગુંજતો રહે છે ?

(એ) મારુ (બી) સૂર્ય

(સી) વરુણ (ડી) ઈન્દ્ર

(૧૮) નૃત્યકારની ફરજમાં શાનો સમાવેશ થાય છે ?

(એ) સંશોધનાત્મક દ્રષ્ટિ (બી) જીજ્ઞાશાવૃત્તિ

(સી) ઉત્સાહ (ડી) વિનમ્રતા

(૧૯) મહાભારતનાં કયા પર્વમાં અર્જુને 'બૃહન્નલા'નું રૂપ ધારણ કર્યું હતું ?

(એ) આદિ પર્વ (બી) શાંતિ પર્વ

(સી) વિરાટ પર્વ (ડી) કર્ણ પર્વ

(૨૦) તબલાનાં કેટલા ઘરાના પ્રચલિત છે ?

(એ) ચાર (બી) છ

(સી) દસ (ડી) પાંચ

૨ મહાભારતમાં મળતા નૃત્ય સંદર્ભ અને નૃત્યમાં તેનું પ્રયોજન જણાવો.

૩ નૃત્યકલામાં ધર્મ અને દંતકથા આધારિત નૃત્યકલાનો ઉદ્ભવ સમજાવો.

૪ વાદ્ય વર્ગીકરણની સંપૂર્ણ માહિતી આપો.

૫ રાસલીલાના પ્રકારો જણાવો.

૬ નૃત્યકારનાં લક્ષણો અને ફરજો જણાવો.